**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૯૫ ટકા

# ભુવાઓએ નગરના વિકાસમાં ભુવા પાડ્યા

## શહેરમાં ૪૦થી પણ વધુ ભુવાઓ અને ખાડાઓ પડ્યા : ઠેરઠેર ફુટપાથના પેવર બ્લોક ઉખડેલી હાલતમાં



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર પહોળા માર્ગો અને માર્ગોની વ્યવસ્થા માટે સારી ઓળખ ધરાવતું આવ્યું છે. પરંતુ ચોમાસાની આ મોસમમાં શહેરના માર્ગો તથા ફુટપાથની દયનીય દશા જોવા મળી રહી છે. જ્યાં જૂઓ ત્યાં ભુવા અને ખાડાઓના દ્રશ્યો થઈ જવા પામ્યા છે. એક પણ ફુટપાથ એવી નહીં હોય જ્યાં ભુવાઓ અને ખાડા નહીં જોવા મળે એટલે કે હાલમાં તો શહેરમાં ખાડાઓમાં ફુટપાથ જેવી સ્થિતી જોવા મળી રહી છે. જે નાગરિકો માટે મુશ્કેલી સમાન બનવા પામ્યા છે. નાગરિકો વરસાદ ન હોય તેવા સમયે સવારે-સાંજે વોકીંગ માટે ફુટપાથ ઉપર નીકળતાં હોય છે જેઓ માટે આ ભુવાઓ અને મોટા મોટા ખાડાઓ મુશ્કેલી નોતરી શકે છે. ચોમાસામાં ઠેરઠેર પડેલા ભુવાઓ અને ખાડાઓના સમારકામ કરવાની કામગીરી કરવા માટે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે અને ઝડપથી આ કામગીરી કરવામાં નહીં આવે તો ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા દરેક સેકટરોના વસાહત મંડળો અગ્રણી સંસ્થાઓ, આગેવાનોની જનરલ બેઠક બોલાવી મુખ્યમંત્રીને આવેદન આપવાની ચીમકી આપી છે. શહેરના સે-૧૭, મહાત્મા મંદિર, સરગાસણ, સે-૨, સે-૩, સે-૬, સે-૭, સે-૧૭, ઘ-૬, ઘ-૭, સે-૨૨, સે-૨૦, સે-૨૧, સે-૧૦માં મોટા મોટા ખાડાઓ અને ભુવાના દ્રશ્યો સર્જાયા છે. આ ભુવાઓના કારણે ગાંધીનગરનો વિકાસ રૂંધાઈ રહયો છે. વિકાસના નામે મોટી મોટી વાતો કરતા નગરસેવકો કયાં ગયા..? નાગરિકોને ચૂંટણી ટાણે મોટા વાયદાઓ કરતાં નગરસેવકોને હવે શહેરીજનો શોધે છે તેમના પ્રશ્નોના નિરાકરણ માટે નાગરિકો વલખાં મારે છે. તેમની ફરીયાદો કોઈ જવાબદાર તંત્ર સાંભળતું નથી અને શહેરમાં એક બાદ એક સમસ્યાઓ વધતી જઈ રહી છે જેનું નિરાકરણ લાવવા માટે મનપા દ્વારા ઝડપથી કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. હવે નાગરિકોના આ સમસ્યાનો ઉકેલ તંત્ર દ્વારા લાવવામાં આવશે કે કેમ તે જોવું રહયું નહીં તો શહેરની સામાજિક સંસ્થાઓ દ્વારા મુખ્યમંત્રીની સમક્ષ રજુઆત કરવામાં આવશે તેમ જણાવાયું હતું.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા જન્માષ્ટમીનું બાળકો ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી.



સેકટર - ૫/એ શિવ-શક્તિ મંદિર ખાતે શિતળા માતાની પુજા માટે સેકટરની મહિલાઓની ભારે ભીડ જોવા મળી હતી. દરેકે શ્રધ્ધાપૂર્વક માતાજીની પૂજા કરી હતી અને દર્શનનો લાભ લીધો હતો.

## આર.એન.પટેલ શાળામાં જન્માષ્ટમીની ઉજવણી





શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકો દ્વારા એકપાત્ર અભિનય, ડાન્સ અને મટકીફોડનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. બાળકોએ જય રણછોડ માખણચોરના નાદ સાથે ખૂબ જ ઉત્સાહ અને આનંદથી આ કાર્યક્રમ ઉજવ્યો હતો.

## શિવશક્તિ મંદિર સે-૩ ન્યૂ ખાતે આજે કૃષ્ણ જન્મોત્સવ

શિવશક્તિ મંદિર સેક્ટર-૩/ન્યૂ ખાતે આજે જન્માષ્ટમી પર્વે કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેમાં નાના બાળકોનો સ્ટેજ પર્ફોરમન્સ, ડીજે તાલે કૃષ્ણ રાસગરબા, રાતે કૃષ્ણ જન્મ ઉજવણી, મટકીફોડ, આતશબાજીનું આયોજન જય અંબે યુવક મંડળ અને શિવશક્તિ સેવા ટ્રસ્ટ સેક્ટર-૩/ન્યૂના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે.

## પ્રાથમિક શાળા સે-૨ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨ ખાતે સ્વાતંત્ર દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીની હિના રાવલના હસ્તે ધ્વજવંદન વિધિ કરવામાં આવી હતી અને વોર્ડ ૯ના કોર્પોરેટર સંકેતભાઈના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી ઉદ્દગમ ટ્રસ્ટના પ્રમુખ ડૉ મયુરભાઈ જોષી સિનિયર સિટીઝનના હોદ્દેદાર પ્રમોદભાઈ, સીઆરસી અશોકભાઈ ચૌધરી, સ્કાય ગ્રુપના વિશાલભાઈ તેમજ પ્રતિકભાઈ, વસાહતીઓ ઉપસ્થિત રહયા હતા.



સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર ખાતે ૭૬માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દેશભક્તિની સુંદર કૃતિઓ રજૂ કરી સમગ્ર વાતાવરણને દેશ ભક્તિમય કરી મૂક્યું હતું. સંસ્થાના વડા રૂપસિંહદાદાના હસ્તે ધ્વજવંદન કરાવામાં આવ્યું હતું.

## એ.વી.વી. સ્કુલમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર, તા.૧૮

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં જન્માષ્ટમીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી. જેમાં સૌપ્રથમ શ્લોક તથા તિલક દ્વારા ભગવાનની પૂજા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જન્માષ્ટમીના પર્વને અનુરૂપ રાધા અને કૃષ્ણ બની અને બાળકો તૈયાર થયા હતા. તથા શ્રી કૃષ્ણ ભગવાનની જીવન લીલાના પ્રસંગો બાળકો દ્વારા કહેવામાં આવ્યા હતા. ભગવાનને પ્રસાદ ધરાવ્યા બાદ આરતી કરવામાં આવી હતી.



સિનિયર સીટીઝન કલબ ઓફ ઈસનપુર અમદાવાદના કુલ ૧૦૪ સભ્યોએ ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. મધુર ડેરીની મુલાકાત લીધી હતી. ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ તેમજ અન્ય મહાનુભાવોએ આવકાર આપી સ્વાગત કર્યુ હતું. સંસ્થાના પ્રમુખ કનુભાઈ આર.શાહ, મંત્રી કીરીટકુમાર સી.શાહ તથા ખજાનચી જયેશકુમાર કે.શાહ દ્વારા ચેરમેનનું મોમેન્ટો આપી અભિવાદન કર્યુ હતું.



વૈદેહી-૨ સોસાયટી, વાવોલ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત કુદરતી સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ માટેની શપથ પણ લેવડાવવામાં આવી હતી.

## બાળકો માટે છોટે કિસાન કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧૮

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૧ થી ૮ ધોરણના બાળકો માટે છોટે કિસાન કાર્યક્રમ છેલ્લા ત્રણ વર્ષથી ચાલે છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બાળકો ઘર આગણે ઝેર મુકત શાકભાજી ઉગાડી શકે તે માટે શાકભાજીના બીજ તથા રોપાઓ વિના મુલ્યે આપવામાં આવશે. શાકભાજી કેવી રીતે ઉગાડવી તેની માહિતી પણ આપવામાં આવશે. આગામી તા.૨૧મીના રોજ આનું વિતરણ કરવામાં આવશે. વિતરણનું સ્થળ રોટરી ફિઝીઓથેરાપી સેન્ટર, પંચદેવ મંદિરની પાછળ સેક્ટર ૨૨ ગાંધીનગર નિયત કરાયું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પરમાર મંગાજી શનાજી** ઉ.વ.૫૬, પાટના કુવા, દહેગામ
- **સ્વ.પરમાર મણીલાલ લાલજીભાઈ** ઉ.વ.૬૯, સેકટર-૨૭
- **સ્વ.પરમાર દિપીકાબેન ઈશ્વરભાઈ** ઉ.વ.૩૮, સેકટર-૧૪
- **સ્વ.પટેલ સતીષકુમાર નટુભાઈ** ઉ.વ.૪૫, ધોળાકુવા, માણસા
- **સ્વ.વાણી મંગલાબેન બબનભાઈ** ઉ.વ.૬૫, સેકટર-૩૦
- **સ્વ.ડાભી પ્રેમીલાબેન પૃથ્વીસિંહ** ઉ.વ.૭૧, પેથાપુર
- **સ્વ.ચક્રવર્તી રમેશ બાબુલાલ** ઉ.વ.૬૨, સેકટર-૫

## જન્મદિને વધામણી



રાહુલ સુખડિયા
રાધે-રાધે ગ્રૂપ



યોગેશ પ્રતાપરાય ત્રિવેદી
નાટ્ય-ફિલ્મ કલાકાર



ફેની બી પોપટ



શુભમ વાસુદેવ ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨



ચાહના એન દવે
ચાહના ડાન્સ સ્ટુડિયો,
વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર
મો. ૯૩૭૪૮ ૦૫૯૭૨



શ્રેયા નિતીન મેકવાન



મીત સધાની
મો. ૯૬૨૪૯ ૯૪૩૦૪



શિવન્યા કલ્પેશકુમાર પ્રજાપતિ
મો. ૯૫૪૩ ૯૫૨૭૦



શિવાંશ સંદિપભાઈ વ્યાસ



પટેલ પ્રકાશચંદ્ર આર.
મો. ૯૭૨૭૬ ૦૧૫૧૬